આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૫/૦૬/૨૦૨૬ થી તા.૨૧/૦૬/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ   મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ):- ચાલુ વીકમાં લીડરશીપની ક્ષમતા જોવા મળશે. ટીમવર્કમાં સારા દેખાવ થાય. બીજાને પ્રેરણારૂપ બનશો. આત્મવિશ્વાસ વધશે. ઉઘરાણી આવી શકે છે. ધનપ્રાપ્તિના રસ્તા ખૂલશે. ઘર ઓફિસનું વાતાવરણ ઉત્સાહજનક રહેશે. નવા ઘર કે ઘરમાં નવા ફેરફારની યોજનામાં પ્રગતિ થાય. પ્રેમજીવનમાં લાગણીઓ પર કાબૂ રાખવો. વિદ્યાર્થીઓને ભાગ્યના સાથનો અનુભવ થાય. શેર બજારમાં ધીરજપૂર્વક કામ કરવું. મનોરંજન પ્રવાસ થાય.

વૃષભ (બ,વ,ઉ):- સપ્તાહ પારિવારિક સમસ્યાના ઉકેલ માટે અનુકૂળ સાબિત થાય. વારસાના કામમાં વડીલોનો સાથ મળે. ઉઘરાણી આવવાથી રાહત થાય. તેમજ નવાં રોકાણ અનુકૂળ થાય. ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. ઘરના નાના સભ્યોની પ્રગતિમાં મદદરૂપ બનશો. પ્રવાસના ધંધામાં પ્રગતિ થાય. મિત્રો સાથે વેપાર ધંધાની યોજના બને. શુભ સમાચાર મળે. નવા સામાજિક સંબંધોમાં ધીરજ રાખવી. બહારના કામમાં મદદ મળે.

મિથુન (ક,છ,ઘ): ચાલુ વીકમાં પરિવારમાં ઉત્સવજનક વાતાવરણ રહે. નવા કામ અને પ્રોપર્ટીને લગતા કામમાં મદદ મળે. વેપાર-ધંધામાં નવું સાહસ થાય. આર્થિક બાબતે ઉતાવળિયા નિર્ણય લેવા નહીં. હાથમાં લીધેલ કામ પર પડશે. કુટુંબ બાબતે સારા સમાચાર મળે. ઉધાર લેવા દેવાનું ટાળવું. વિદ્યાર્થીઓને ભવિષ્યની યોજનાનું માર્ગદર્શન મળે. સામાજિક સંબંધો મજબૂત બને. ઘરમાં નવા મહેમાનના આગમનથી ખુશી થાય.

કર્ક (ડ,હ):- ચાલુ વીક ભાવના પર કાબૂ રાખવો. લાગણીઓમાં લેવાયેલ નિર્ણય ભારે પડશે. ખાસ કરીને આર્થિક બાબતે સાવધાની રાખવી. વિચારપૂર્વક રોકાણ કરવું. નવા સામાજિક સંબંધોમાં ધીરજ રાખવી. અંગત જીવનમાં રસિક ઘટના ઘટશે. પ્રોપર્ટી બાબતે અનુકૂળતા રહે. નવા સોદામાં મદદ મળે. વિદેશ યાત્રાના કામમાં પ્રગતિ થાય. નોકરીમાં પ્રમોશન થઈ શકે છે. વિદ્યાર્થીઓને શુભ સમાચાર મળે. આવક વધશે.

સિંહ (મ,ટ): ચાલુ વીકમાં નવા રોમેન્ટીક સંબંધો બને. વિદ્યાર્થીઓ માટે મહત્ત્વનું રહેશે. પરીક્ષામાં સફળતા મળે. સંતાનોનાં કામ થાય. શેર બજારમાં નવાં રોકાણ થાય. મિત્રોનો સાથ સામાજિક કામમાં મળે. આર્થિક પ્રગતિ થાય. મોજશોખ માટે પ્રવાસ થાય. વિદેશના કામમાં મદદ મળશે. આરોગ્ય નરમ-ગરમ રહે. સરકારી કામમાં સાવધાની રાખવી. કોઈની વાતોમાં આવવું નહીં. ઘર-પરિવારના કામ પાર પાડવાથી સુખી થાય.

કન્યા (પ,ઠ,ણ):- ચાલુ વીકમાં નવી જવાબદારીઓ વધશે. પોતાના ધંધા માટે નવી યોજનામાં વડીલોનો સાથ મળે. સરકારી નોકરીમાં પ્રવાસ થાય. સામાજિક જીવનમાં યશ મળે. મોજ-શોખના ધંધામાં લાભ વધશે. વિદ્યાર્થીઓને નવું શીખવામાં મુશ્કેલીનો સામનો કરવો પડશે. પ્રેમજીવનમાં સહકાર મળે. મિલન-મુલાકાતથી વિશ્વાસ વધશે. શેરબજારમાં ભાગ્યનો સાથ મળે. બહારના કામમાં ધીરજ રાખવી. પડવા-વાગવાથી સાવધાન રહેવું.

તુલા (ર,ત): સપ્તાહ સકારાત્મક રહેવાથી ઘર-પરિવારનું વાતાવરણ આનંદમય રહેશે. હાથ પરના કામમાં જીવનસાથી-મિત્રોનો સાથ મળે. બૌદ્ધિક કામમાં સફળતા મળે. આધુનિક શિક્ષણમાં સફળતા મળે. ઉપરી વર્ગનો સાથ મળે. સ્ત્રી વર્ગથી લાભ થાય. કોસ્મેટીક ગારમેન્ટ્સના ધંધામાં લાભ થાય. નવી નોકરીમાં યશ મળે. પુત્રી સંતાનોથી શાંતિ મળે. પ્રેમમાં સાથ મળે. આરોગ્ય નરમ-ગરમ રહેશે.

વૃશ્ચિક (ન,ય):- ચાલુ સપ્તાહમાં ઉઘરાણી આવી શકે છે. આરોગ્ય નરમ રહેશે. છેતરાઈ જવાથી બચવું. સરકારી કામ, વીલ-વારસા, વીમા વગેરેમાં મદદથી પ્રગતિ થાય. આધ્યાત્મિક શાંતિ મળે. વિદેશથી શુભ સમાચાર મળે. ધાર્મિક પ્રવાસ થઈ શકે છે. બૌદ્ધિક અને ઉચ્ચ કક્ષાના માણસોને મળવાથી દિશા મળે. નોકરીમાં ઉપરી વર્ગ સાથે ઘર્ષણ થઈ શકે છે. ગુસ્સા પર કાબૂ રાખવો.

ધન (ભ,ધ,ફ,ઢ): સપ્તાહ દરમિયાન નવાં કામમાં પરિવારનો સાથ મળે. નવી નોકરીની તક ઊભી થાય. કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય. ઘર-પરિવારની સમસ્યાનું સમાધાન થાય. પ્રેમ વિવાહની શક્યતા વધશે. લાંબી મુસાફરીની યોજના બને. સરકારી નોકરિયાતે લાલચ પર કાબૂ રાખવો. અચાનક સફળતા મળે. ઉઘરાણી આવે. જીવનસાથી અને મિત્રો સાથે ધાર્મિક પ્રવાસ થાય. શુભ સમાચાર મળે. આવક વધશે.

મકર (ખ,જ):- સપ્તાહ દરમિયાન ગુસ્સા પર કાબૂ રાખવો. પડવા-વાગવાથી સંભાળવું. હિત શત્રુઓની હેરાનગતિ વધશે. ખાવા-પીવા બાબત ખાસ સાવધાની રાખવી. સરકારી નોકરીમાં સાવધાન રહેવું. સરકારી કામમાં મદદ મળશે. પ્રેમવિવાહ થઈ શકે તેમજ ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. સમાજમાં માન વધે. આવક વધારવાની યોજના પાર પડશે. કોર્ટ-કચેરીમાં મદદ મળે. નોકર-ચાકરથી સાવધાન રહેવું.

કુંભ (ગ,સ,શ,ષ): ચાલુ વીકમાં અચાનક મળતી તકનો લાભ લેવો. પોતાના કેરીયરમાં નવા ફેરફારની શક્યતા છે. નવી રીતે કામ કરવાની તક મળે. બૌદ્ધિક કાર્યમાં યશ મળે. ઈન્ટરવ્યુ પરીક્ષાનાં હકારાત્મક પરિણામ આવે. નવા સંબંધો મજબૂત બને. પ્રેમમાં વિશ્વાસ વધશે. શેરબજારનાં કામ થાય. નોકરીની તલાશ પૂર્ણ થાય. સરકારી નોકરીની તક મળે. પ્રમોશન થાય. ઘરમાં નવા ફેરફાર થાય. નવા ઘરમાં જવાનું બને. આવક વધશે.

મીન (દ,ચ,ઝ,થ): સપ્તાહ પરિવાર-સ્વજનો સામાજિક લોકો અને બૌદ્ધિક લોકો સાથ સમય પસાર કરવાનો મોકો મળશે. આર્થિક બાબતે ઉતાવળિયા નિર્ણય ટાળવા. ઘરમાં વડીલોના આરોગ્યના પ્રશ્ને ખર્ચા વધશે. ઉચ્ચ કક્ષાના સ્ત્રી મિત્રોનો સાથ મળશે. પ્રેમમાં તાલમેળ રહે. આર્થિક રોકાણમાં માર્ગદર્શન મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. માનસિક-શારીરિક થાકનો અનુભવ થાય.

શું કેન્દ્રમાં સત્તા પરિવર્તનનો યોગ છે?

સ્વતંત્ર ભારતની વૃષભ લગ્નની કુંડલીમાં હાલ દેવગુરુ બૃહસ્પતિ સૂર્ય-ચંદ્ર, બુધ શુક્ર અને શનિ પરથી અતિચારી અવસ્થામાં ભ્રમણ કરી રહ્યા છે. કોઈ પણ કુંડલીમાં ત્રીજું સ્થાન ઘણું જ મહત્ત્વનું શુભાશુભ ફળ માટે માનવામાં આવે છે. કારણ કે તે સાહસ, પરાક્રમ, નવા વિચાર, શિક્ષણ અને કોઈ પણ ઘટનાની તીવ્રતા દર્શાવે છે અને નકારાત્મક પરિણામનું વિશ્લેષણ કુંડલીની ગણના આ સ્થાનથી થાય છે. માટે હાલમાં શુભ ગુરુની અતિચારી અવસ્થા આવનાર સમયમાં નવા ક્રાંતિકારી પરિવર્તનનું સૂચન કરે છે. કારણકે શુભ ગ્રહ અતિચારી બને ત્યારે તે ખૂબ જ આક્રમક સ્થિતિમાં આવી જાય છે. રાહુ મંગળની જેમ ખૂબ જ ઝડપી અને અકલ્પનીય પરિણામ આપનાર બને છે. દેશની ન્યાયપાલિકા પર ગુરુનો પ્રભાવ છે તેમજ રાજનીતિ અને શાસન પ્રણાલીમાં સુધાર લાવનાર માનવામાં આવે છે. માટે શાસનકર્તાઓ માટે પ્રતિકૂળ વાતાવરણ પેદા કરીને નવી પ્રણાલીને બળ આપનાર બૃહસ્પતિ બને છે. ખાસ કરીને ગુરુ અને શનિ રાજનીતિ અને સામાજિક બાબતો અને ખૂબ જ પ્રભાવ કરીને ઉથલપાથલનું વાતાવરણ પેદા કરે છે. શનિ પોતાની નીચ રાશિ મેષ તરફ આગળ વધી રહ્યા છે. 03-06-2027 થી શનિ મેષ રાશિમાં પ્રવેશ કરશે. ઓક્ટોબર 2027માં વક્રી થઈને મીનમાં આવશે અને ફેબ્રુઆરી 2028થી કાયમી રીતે મેષમાં પ્રવેશ કરશે અને ગુરુ 2032 સુધી અતિચારી, જૂન-2026થી જુલાઈ 2027 સુધી ગુરુદેવ સિંહ રાશિમાં શનિ સાથે નવમ-પંચમ યોગ કરશે અને રાહુ ડિસે.2026 થી મકરમાં આવીને રાહુ ગુરુ સાથે ષડાષ્ટક અને શનિ સાથે કેન્દ્ર યોગ કરશે. આ સમય પરિવર્તનનો છે.

શનિ જનતા, લોકતંત્ર અને સત્તાને સંતુલિત રાખનાર છે. મેષ રાશિ શનિની આક્રમક રાશિ છે જે જનતામાં અસંતોષને વધારીને આંદોલનને જાગૃત કરશે અને રાહુ-ગુરુ તેમાં હવા ભરશે. સામાન્ય રીતે 2025, 2026 અને 2027 દેશ અને દુનિયા માટે પરિવર્તન અને સત્તાપલટના યોગ છે. રાહુ અચાનક સત્તા પલટાના યોગ કરે છે. રાહુ-કેતુ જનતામાં ભ્રમ પેદા કરશે. રાજનીતિમાં ઉથલપાથલ લાવનાર છે. 2026, 2027, 2028 રાહુ કેતુની સ્થિતિ રાજકીય પક્ષોમાં ફુટ પાડનાર બને છે. નવા ગઠબંધનનો ઉદય થાય. જૂના ચહેરા અને પક્ષોની પીછેહઠના યોગ પ્રબળ બને છે. આ સમય કોઈએ કલ્પના ન કરી હોય એવા ચહેરા સત્તામાં આવશે. આવું ફક્ત ભારતમાં જ નહીં પરંતુ આખી દુનિયામાં જોવા મળશે.

સ્વતંત્ર ભારતની વર્તમાન દશા-મહાદશા પણ પરિવર્તનના યોગ કરે છે. નવી ક્રાંતિને બળ આપનાર તેમજ લડાઈને જીવંત રાખનાર મંગળની મહાદશા જુલાઈ 2025 થી 2032 સુધીની ચાલુ થઈ. ત્યારથી દેશના વાતાવરણમાં એકજાતનો અસંતોષ સપાટી પર આવવાનું ચાલુ થયું છે. તેનું કારણ છે 22 (બાવીસ) માં દ્રેષ્કોણના સ્વામી મંગળની મહાદશા. જ્યોતિષ શાસ્ત્રમાં દ્રેષ્કોણ કુંડલી નકારાત્મક પરિણામ માટે ખાસ જોવામાં આવે છે. સ્વતંત્ર ભારતની કન્યા લગ્નની દ્રેષ્કોણ કુંડલી છે. દ્રેષ્કોણ કુંડલી મૂળ કુંડલીના ત્રીજા ભાવનું સૂક્ષ્મ સ્વરૂપ છે. કોઈ પણ ભાવના ત્રણ સરખા ભાગ કરીને તેની ગણના કરવામાં આવે છે. એ રીતે જોતાં પ્રથમ દ્રેષ્કોણનો સ્વામી બુધ થાય છે. જે ત્રીજે કેતુ સાથે રહીને બાવીસમાં દ્રેષ્કોણ મંગળ સાથે પરિવર્તન કરે છે. જે યુવાનોના મગજમાં વાયુગતિએ ક્રાંતિકારી વિચારોને પ્રજ્વલિત કરનાર બને છે. બીજા દ્રેષ્કોણનો સ્વામી શનિ છે. ઊંચાઈ પરથી નીચે પાડનારા બને છે. સ્થાનારૂઢને ન્યાયનું ભાન કરાવશે. ત્રીજા દ્રેષ્કોણનો સ્વામી શુક્ર છે. કલંક લગાવશે. કાચના ઘરને તોડી નાખશે. રાજ નેતાઓની ઐયાશી ઉજાગર કરશે. બાવીસમાં દ્રેષ્કોણનો સ્વામી મૃત્યુ, દુર્ઘટના, શારીરિક માનસિક, આર્થિક અને ધાર્મિક બાબતોનો કારક માનવામાં આવે છે. મંગળ, ક્રૂર ગ્રહ છે. માટે ભારતના રાજકારણમાં ઘુસી ગયેલા સડાને સપાટી પર લાવશે અને વિનાશનો કારક મંગળના શુભ સંકેત નથી. દેશની આર્થિક સમસ્યા વિકરાળ બનશે અને નવી ક્રાંતિ અચાનક લાવશે. કારણકે મંગળમાં ડિસેમ્બર 2026 સુધી રાહુની અંતરદશા છે. મોટા ભાગે જ્યોતિષશાસ્ત્રનો કોઈ પણ ગ્રહ કે ભાવનું નકારાત્મક ફળ કેટલી હદ સુધી અશુભ મળી શકે છે તે આ બાવીસમાં દ્રેષ્કોણ પરથી નક્કી થાય છે.

એ જ રીતે કુંડલીમાં 64 (ચોસઠ)માં નવમાંશ પણ આટલો જ અસરકારક માનવામાં આવે છે. ચોસઠમાં નવમોશ નવમોશ કુંડલીમાં ચંદ્ર જે રાશિમાં હોય ત્યાંથી ચોથી રાશિનો સ્વામી બને. અહીં જોગાનુજોગ ચોસઠમાં નવમોશનો સ્વામી પણ મંગળ બને છે અને તે પણ આઠમા ભાવનો સ્વામી છે. આઠમું સ્થાન દુર્ઘટના, અચાનક ફેરફાર, નવી ક્રાંતિ, આયુષ્ય, સમાજમાં અચાનક પરિવર્તન, આર્થિક હાનિ, માનસિક પીડા, નોકરી કેરીયરમાં નવા અચાનક ફેરફાર અને સત્તા કે સરકારની મુસીબતોનું નિદેર્શન કરે છે. આમ સ્વતંત્ર ભારતની કુંડલીમાં આ નકારાત્મક પાસાનો અભ્યાસ કરવામાં આવે તો. નવા પરિવર્તનની હવા ફુંકાઈ રહી છે. હાલ દેશની હાલત ખૂબ જ ખરાબ હોવાના ગ્રહયોગોનું નિર્દેશન છે. બાવીસમાં દ્રેષ્કોણ અને ચોસઠમાં નવમાંશનો સ્વામી મંગળ છે અને મહા દશા પણ મંગળ છે. મંગળ ખુલ્લા યુદ્ધનો સેનાપતિ છે. શનિ અને ગુરુ જનતાના કારક છે. આ બંને ગ્રહોનું ભ્રમણ 2018થી દેશ અને દુનિયામાં પરિવર્તનની હવા ફૂંકી રહ્યા છે અને હવાનો વંટોળિયો ભારતમાં પ્રવેશી ચૂક્યો છે. માટે સત્તા પરિવર્તનના સંકેત છે. 2026, 27,28 માં આ યોગ પ્રબળ બને છે. ભારતના રાજકારણમાં ક્રાંતિકારી પરિવર્તનના સંકેત છે.

સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો

રાજકોટ બાળ સંરક્ષણ ગૃહમાંથી 11 બાળકો ફરાર

દિવાલ પર લાગેલો સળિયો તોડીને ભાગ્યા હોવાની શક્યતા

છ બાળકો ગ્રુપમાં જ્યારે અન્ય અલગ અલગ માર્ગે નીકળી ગયા

અમદાવાદ : રાજકોટના ગોંડલ રોડ ઉપર આવેલા બાળ સંરક્ષણ ગૃહમાંથી કાયદાના સંઘર્ષમાં આવેલા 11 બાળકો એકસાથે ફરાર થઈ જતાં શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે. ફરાર થયેલા બાળકોમાંથી એક બાળક પરત ફર્યો હોવા છતાં હજુ 10 બાળકો ગુમ હોવાથી સમગ્ર પોલીસ તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે.

પોલીસ કમિશનર, ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી, ઝોન-2ના ડીસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ જાણ થતાં જ ઘટનાસ્થળે દોડી ગયા હતા. પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજની તપાસ, ડોગ સ્ક્વોડની મદદ તેમજ વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.

પ્રાથમિક તપાસમાં બાળ સંરક્ષણ ગૃહની સુરક્ષામાં ગંભીર ખામીઓ સામે આવી છે. ગૃહની એક દિવાલ પર લગાવાયેલો લોખંડનો તાર તૂટેલી હાલતમાં જોવા મળ્યો હતો. પોલીસને શંકા છે કે બાળકો આ જ સ્થળેથી

ફરાર થયા હોઈ શકે છે. તપાસ દરમિયાન બીજી એક એવી દિવાલ પણ સામે આવી છે જ્યાં કોઈ સુરક્ષા તાર નથી અને તેની પાછળ સીધો જાહેર માર્ગ આવેલો છે. દિવાલની ઊંચાઈ પણ ઓછી હોવાથી બાળકો માટે તેને પાર કરવી સરળ હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પરત ફરેલા બાળકે પ્રાથમિક પૂછપરછમાં જણાવ્યું છે કે બાળકો બે જૂથમાં વહેંચાઈને ફરાર થયા હતા. છ બાળકો એકસાથે ભાગ્યા હતા જ્યારે અન્ય બાળકો અલગ માર્ગે નીકળ્યા હતા. આ માહિતી પરથી પોલીસને શંકા છે કે બાળકો દ્વારા અગાઉથી ભાગી જવાની યોજના ઘડવામાં આવી હતી.

ઘટનાએ બાળ સંરક્ષણ ગૃહની સુરક્ષા વ્યવસ્થા સામે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. એક સાથે 11 બાળકો ફરાર થઈ જાય અને ફરજ પર રહેલા કર્મચારીઓ કે સુરક્ષા સ્ટાફને તેની જાણ પણ ન થાય, તે ગંભીર બેદરકારી તરફ ઈશારો કરે છે. ગૃહમાં સીસીટીવી કેમેરા હોવા છતાં આટલી મોટી ઘટના કેવી રીતે બની તે પણ તપાસનો વિષય બન્યો છે.

પોલીસ દ્વારા બાળ સંરક્ષણ ગૃહના અધિકારીઓ અને કર્મચારીઓના નિવેદનો લેવામાં આવી રહ્યા છે. બાળકો કયા ગુનાઓ કે સંજોગોમાં અહીં રાખવામાં આવ્યા હતા, તેમની દેખરેખ માટે શું વ્યવસ્થા હતી અને સુરક્ષામાં ક્યાં ચૂક થઈ તે મુદ્દે તપાસ ચાલી રહી છે.

12,733 પોલીસ ભરતી માટેની લેખિત પરીક્ષા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ

2.40 લાખ ઉમેદવારોએ આપી પરીક્ષા

24 કલાકમાં ઓએમ શીટ ઓનલાઇન

CCTV ફૂટેજની થશે પુનઃચકાસણી

અમદાવાદ : ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા રાજ્યના પોલીસ દળમાં 12,733 જગ્યાઓ માટે રવિવારે યોજાયેલી લેખિત ભરતી પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. રાજ્યના સાત શહેરોમાં યોજાયેલી આ પરીક્ષામાં આશરે 2.40 લાખ ઉમેદવારોએ હાજરી આપી હતી, જ્યારે પારદર્શિતા જળવાઈ રહે તે માટે દરેક પરીક્ષા કેન્દ્ર પર CCTV મોનિટરિંગ અને બાયોમેટ્રિક વેરિફિકેશનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

પોલીસ ભરતી બોર્ડની જાહેરાત મુજબ બિનહથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, જેલ સિપાહી અને એસઆરપીએફ કોન્સ્ટેબલ સહિતની કુલ 12,733 જગ્યાઓ માટે અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ગાંધીનગર, ભાવનગર અને આણંદ એમ સાત શહેરોમાં પરીક્ષા યોજાઈ હતી. પરીક્ષા માટે કુલ 879 કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા હતા.

ભરતી પ્રક્રિયામાં શિક્ષણ વિભાગના આશરે 17 હજાર અને પોલીસ વિભાગના લગભગ 9 હજાર અધિકારીઓ-કર્મચારીઓ તહેનાત કરવામાં આવ્યા હતા. સમગ્ર પરીક્ષા પર આઈજીપી, ડીઆઈજીપી અને અન્ય વરિષ્ઠ પોલીસ અધિકારીઓની સીધી દેખરેખ રાખવામાં આવી હતી. કુલ 19 જેટલા આઈપીએસ અધિકારીઓએ પરીક્ષાના સુપરવિઝનની જવાબદારી સંભાળી હતી.

પોલીસ ભરતી બોર્ડના જણાવ્યા અનુસાર કુલ 2,63,345 નોંધાયેલા ઉમેદવારોમાંથી આશરે 2.40 લાખ ઉમેદવારો પરીક્ષા આપવા હાજર રહ્યા હતા, જે ઉપસ્થિતિનો દર લગભગ 91 ટકા થાય છે. 200 ગુણની MCQ આધારિત આ પરીક્ષામાં ઉમેદવારોએ OMR શીટ પર જવાબો આપ્યા હતા. હાલ OMR શીટના સ્કેનિંગની કામગીરી ચાલી રહી છે. આગામી 24 કલાકમાં તમામ ઉમેદવારોની સ્કેન કરેલી OMR શીટ ભરતી બોર્ડની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે, જ્યારે ઉમેદવારો 29 જૂન, 2026 સુધી પોતાની OMR શીટ ડાઉનલોડ કરી શકશે. પારદર્શિતા અને નિષ્પક્ષતા સુનિશ્ચિત કરવા માટે દરેક પરીક્ષા કેન્દ્રના CCTV ફૂટેજની આગામી દિવસોમાં પોલીસની વિશેષ CCTV વ્યૂઈંગ ટીમો દ્વારા પુનઃચકાસણી કરવામાં આવશે. ભરતી બોર્ડે જણાવ્યું છે કે શિક્ષણ વિભાગ અને પોલીસ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓના સંકલનથી સમગ્ર પરીક્ષા પ્રક્રિયા કોઈપણ અનિચ્છનીય ઘટના વિના શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ છે.પોલીસ ભરતીની આ મહાપરીક્ષાને રાજ્યની સૌથી મોટી ભરતી પ્રક્રિયાઓમાંની એક ગણવામાં આવી રહી છે, જેમાં લાખો યુવાનો પોતાના કારકિર્દીના સપના સાકાર કરવા માટે મેદાનમાં ઉતર્યા છે.

સાયબર માફિયાઓની જાળમાં ફસાયેલા 71 વર્ષના વૃદ્ધે 1.21 કરોડ ગુમાવ્યા

અમદાવાદના વાસણામાં રહેતા નિવૃત વૃદ્ધને શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપવામાં આવી હતી

અમદાવાદ : અમદાવાદ શહેરના વાસણા વિસ્તારમાં રહેતા અને ફાર્માસ્યુટિકલ કંપનીમાંથી સલાહકાર તરીકે નિવૃત્ત થયેલા 71 વર્ષીય વૃદ્ધ ઓનલાઈન સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. શેરબજાર અને આઈપીઓમાં રોકાણ કરીને ઊંચું વળતર અપાવવાની લાલચ આપી સાયબર ગઠિયાઓએ તેમની પાસેથી રૂ. 1.21 કરોડની માતબર રકમ પડાવી લીધી હોવાનું સામે આવ્યું છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે ગત 19 માર્ચના રોજ પીડિત વૃદ્ધને એક અજાણી યુવતીનો વોટ્સએપ મેસેજ આવ્યો હતો. યુવતીએ પોતે IIFL કંપનીની પ્રતિનિધિ હોવાનું જણાવી તેમને શેરબજારમાં રોકાણ અંગે માર્ગદર્શન આપવાની વાત કરી હતી. ત્યારબાદ વૃદ્ધને શેરબજારની ટિપ્સ અને રોકાણની માહિતી આપતા એક વોટ્સએપ ગ્રુપમાં સામેલ કરવામાં આવ્યા હતા.

સાયબર ગઠિયાઓએ ગ્રુપમાં અન્ય સભ્યો દ્વારા શેર અને આઈપીઓમાં રોકાણ કરીને કમાયેલા નફાના બોગસ સ્ક્રીનશોટ શેર કર્યા હતા. સતત આવી માહિતી મળતા વૃદ્ધનો વિશ્વાસ વધતો ગયો અને તેમણે ગઠિયાઓની વાતો પર ભરોસો મૂક્યો હતો.

વિશ્વાસ કેળવ્યા બાદ ગઠિયાઓએ વૃદ્ધને રોકાણ માટે એક શંકાસ્પદ મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. આ એપ્લિકેશન મારફતે વૃદ્ધે છેલ્લા ત્રણ મહિનામાં વિવિધ આઈપીઓ અને શેરમાં કુલ રૂ. 1.21 કરોડનું રોકાણ કર્યું હતું. એપ્લિકેશનમાં તેમને રોકાણ પર ઉંચો નફો દર્શાવવામાં આવતો હોવાથી તેઓ છેતરપિંડીનો ભોગ બની રહ્યા હોવાની કોઈ શંકા કરી શક્યા નહોતા.

જોકે, જ્યારે વૃદ્ધે પોતાના રોકાણ કરેલા નાણાં અને દર્શાવવામાં આવેલો નફો પરત મેળવવાનો પ્રયાસ કર્યો ત્યારે તેમને કોઈ રકમ ચૂકવવામાં આવી ન હતી. વારંવાર સંપર્ક કરવા છતાં સંતોષકારક જવાબ ન મળતા આખરે તેમની સાથે મોટી છેતરપિંડી થઈ હોવાનું જણાયુ હતુ.

આથી પીડિત વૃદ્ધે સમગ્ર મામલે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા વોટ્સએપ ચેટ, બેંક ટ્રાન્ઝેક્શન, મોબાઈલ એપ્લિકેશન અને અન્ય ડિજિટલ પુરાવાઓના આધારે સાયબર ગઠિયાઓની તપાસ શરૂ કરી છે.

ચોમાસાની રાહ વચ્ચે ગરમીનો મારો યથાવત્: ભાવનગરમાં 42 ડિગ્રી ગરમી , દક્ષિણ ગુજરાતમાં વરસાદી ઝાપટાંની આગાહી

આગામી એક સપ્તાહ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નહીં

18 જૂન બાદ સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં પણ વરસાદની સંભાવના

અમદાવાદ : ગુજરાતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની આગળ વધવાની પ્રક્રિયા ધીમી ગતિએ ચાલુ હોવા છતાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગરમીનો મિજાજ યથાવત્ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ છેલ્લા 24 કલાક દરમિયાન સમગ્ર રાજ્યમાં વાતાવરણ સૂકું રહ્યું હતું અને તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર નોંધાયો નથી. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઊંચું નોંધાયું છે.

રવિવારે રાજ્યમાં સૌથી વધુ ગરમી અમદાવાદમાં 41 ડિગ્રી સેલ્સિયસ નોંધાઈ હતી. ગાંધીનગર અને વલ્લભ વિદ્યાનગરમાં પણ 41 ડિગ્રી તાપમાન સાથે ગરમીનો અનુભવ થયો હતો. ભાવનગરમાં 42 ડિગ્રી, રાજકોટમાં 41 ડિગ્રી, વડોદરામાં 40 ડિગ્રી, કંડલા એરપોર્ટ પર 40 ડિગ્રી, ડીસામાં 39 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 39 ડિગ્રી, ભૂજમાં 38 ડિગ્રી, કંડલા પોર્ટ પર 37 ડિગ્રી, પોરબંદર અને નલિયામાં 36 ડિગ્રી જ્યારે સુરત અને મહુવામાં 35 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા ન હોવાનું જણાવ્યું છે. અમદાવાદમાં પણ સામાન્ય વાદળછાયું આકાશ રહેવાની અને મહત્તમ તાપમાન 41 ડિગ્રી આસપાસ રહેવાની આગાહી કરવામાં આવી છે.

બીજી તરફ, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું હજુ ગુજરાતની સરહદથી દૂર છે. હાલ ચોમાસાની ઉત્તર સીમા હરનાઈ, સોલાપુર, હૈદરાબાદ, ભદ્રાદ્રી કોઠાગુડેમ, કલિંગપટ્ટનમ, પરાદીપ, બારીપાડા, પુરુલિયા, ધનબાદ અને મુઝફ્ફરપુર સુધી વિસ્તરેલી છે. હવામાન વિભાગના મતે આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, ઝારખંડ, બિહાર અને છત્તીસગઢના વધુ વિસ્તારોમાં ચોમાસું આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ છે.

ગુજરાત માટે રાહતના સમાચાર એ છે કે આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદી પ્રવૃત્તિ વધવાની શક્યતા છે. 15, 16 અને 17 જૂને સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે ઝાપટાં પડવાની આગાહી કરવામાં આવી છે.

18 જૂનથી વરસાદી વિસ્તાર વધુ વિસ્તરવાની શક્યતા છે. આ દિવસે દક્ષિણ ગુજરાત ઉપરાંત નર્મદા અને છોટાઉદેપુર જિલ્લાઓમાં પણ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સાથે જ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લાઓ તેમજ દીવમાં પણ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડી શકે છે.

19થી 21 જૂન દરમિયાન પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના આ વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત્ રહેવાની શક્યતા દર્શાવવામાં આવી છે. જોકે રાજ્યના ઉત્તર અને મધ્ય ભાગોમાં હજુ ગરમી અને ઉકળાટમાંથી ખાસ રાહત મળવાની સંભાવના ઓછી હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. હાલની સ્થિતિ જોતા રાજ્યમાં ચોમાસાની સત્તાવાર એન્ટ્રી માટે હજુ થોડો સમય રાહ જોવી પડશે, પરંતુ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં શરૂ થનારી વરસાદી પ્રવૃત્તિ ખેડૂતો અને સામાન્ય જનતા માટે રાહતના સંકેત લઈને આવી રહી

અનુસંધાન... પાના પહેલાનું

ફ્રોઝન શોલ્ડર,...

સીતારામ ભારતીય ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચના ઓર્થોપેડિક્સના સિનિયર કન્સલ્ટન્ટ ડો. અભિમન્યુ કુમારે જણાવ્યું હતું કે, ડોક્ટરો વધુને વધુ પ્રમાણમાં એવું જોઈ રહ્યા છે કે કેટલાક દર્દીઓમાં મસ્ક્યુલોસ્કેલેટલ ફરિયાદો ડાયાબિટીસનો પ્રારંભિક સંકેત હોય છે. ડો. કુમારે જણાવ્યું કે, "અમે અવારનવાર દર્દીઓને ફ્રોઝન શોલ્ડર, ટ્રિગર ફિંગર, ક્રોનિક ટેન્ડન પેઇન (સ્નાયુબંધનો લાંબાગાળાનો દુખાવો) અથવા અકળાવી દેતી સાંધાની અકડન સાથે આવતા જોઈએ છીએ, અને ત્યારબાદની તપાસમાં અગાઉ નિદાન ન થયેલું અથવા નબળું નિયંત્રિત ડાયાબિટીસ હોવાનું બહાર આવે છે. ઘણા કિસ્સાઓમાં, ઓર્થોપેડિક ફરિયાદ એ અંદર રહેલી મેટાબોલિક ખામીની પ્રથમ ચેતવણી સમાન બને છે.

ભારતીય જહાજ...

સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગઈ છે. તમામ ૧૪ ક્રૂ સભ્યોને બચાવી લેવાયા છે અને હાલમાં તેઓ મુંબઈ તરફ જઈ રહેલા અન્ય જહાજ જબલ અલી ૯ પર સવાર છે. તમામ ક્રૂ સભ્યો સુરક્ષિત અને સ્વસ્થ છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે આ વહાણ યાંત્રિક ખામીના કારણે ડૂબી ગયું હતું.

આ પહેલાં, એક અલગ પોસ્ટમાં મસ્કત સ્થિત ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કેઃ એવું સામે આવ્યું છે કે વહાણમાં એન્જિન ફેલ થઈ ગયું હતું, અને ક્રૂ સભ્યો આખરે સુરક્ષિત રીતે લાઈફ-રાફ્ટમાં સ્થાનાંતરિત થઈ ગયા હતા. ઓમાનના સત્તાવાળાઓના સંકલન હેઠળ, આસપાસના જહાજો દ્વારા હાલમાં બચાવ કામગીરી ચાલી રહી છે. આ ઘટના એવા સમયે સામે આવી છે જ્યારે આ ક્ષેત્રમાં અમેરિકાના નૌકાદળના નાકાબંધીને પડકારતા વેપારી જહાજો પર અમેરિકી સૈન્ય દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગયા અઠવાડિયે ઓમાનના દરિયાકાંઠે ભારે તણાવ જોવા મળ્યો હતો કારણ કે ભારતીય ક્રૂ સભ્યો ધરાવતા ત્રણ જહાજો પર અમેરિકી હુમલો થયો હતો. જેમાંથી એક હુમલામાં ત્રણ ખલાસીઓનાં મોત થયા હતા.

યુકેના દળોએ...

હતું કે, આ ઓપરેશન રશિયાને વધુ એક મોટો ફટકો આપે છે અને યુક્રેનમાં પુતિનના યુદ્ધને પ્રોત્સાહન આપનારાઓને યાદ અપાવે છે કે તેઓ છુપાઈ શકશે નહીં. તેમણે ઉમેર્યું, હું આ ઓપરેશનમાં સામેલ તમામ લોકોની પ્રશંસા કરવા માંગુ છું, જેમાં આપણા સશસ્ત્ર દળો અને કાયદા અમલીકરણ અધિકારીઓનો સમાવેશ થાય છે જેઓ આ દેશને દિવસના ૨૪ કલાક અને વર્ષના ૩૬૫ દિવસ સુરક્ષિત રાખે છે. આ સપ્તાહના અંતે લેવાયેલા આ કડક પગલાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર આંતરરાષ્ટ્રીય જળસીમામાં લેવામાં આવ્યા હોવાનું કહેવાય છે. માર્ચ મહિનામાં થયેલા એક કરાર બાદ આ કાર્યવાહી શક્ય બની છે, જે અંતર્ગત બ્રિટિશ સશસ્ત્ર દળો અને કાયદા અમલીકરણ અધિકારીઓને ભૂતિયા કાફલાના જહાજો પર દરોડો પાડવાની સત્તા મળી છે. 'SMYRTOS' જહાજને કામચલાઉ ધોરણે ઇંગ્લેન્ડના દક્ષિણ કિનારા નજીક એક એન્કરેજ પર ખસેડવામાં આવશે અને કોઈપણ પર્યાવરણીય કે સુરક્ષા સંબંધી ચિંતાઓ માટે તેની દેખરેખ રાખવામાં આવશે.

મહારાષ્ટ્રમાં...

કૂવામાંથી બહાર કાઢવામાં આવી રહ્યું છે અને ઘાયલ લોકોને હોસ્પિટલ લઈ જવામાં આવી રહ્યા છે.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે અકસ્માતમાં જાનહાનિ પર ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે અને પ્રત્યેક મૃતકના વારસદારોને 5-5 લાખની આર્થિક સહાયની જાહેરાત કરી છે.

આ અકસ્માતને અત્યંત કમનસીબ અને દુઃખદ ગણાવતાં ફડણવીસે જણાવ્યું હતું કે, "હું મૃતકોને મારી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું અને તેમના પરિવારોના દુઃખમાં સહભાગી થાઉં છું."

ફડણવીસે જણાવ્યું કે, સાત લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને હાલમાં તેમની સારવાર ચાલી રહી છે.

લંડનમાં 26...

હતા, પરંતુ તેને બચાવવાના તમામ પ્રયાસો છતાં ચાકૂના ઘાના કારણે સિંહને ઘટનાસ્થળે જ મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

મેટ પોલીસના સ્પેશિયાલિસ્ટ ક્રાઈમ કમાન્ડના ડિટેક્ટિવ ચીફ ઈન્સ્પેક્ટર એલિસન ફોક્સવેલે જણાવ્યું હતું કે, તપાસકર્તાઓ આ હત્યાની આસપાસની પરિસ્થિતિઓની તપાસ કરી રહ્યા છે.

ફોક્સવેલે જણાવ્યું હતું કે, "ડિટેક્ટિવ્સ મિસ્ટર સિંહના દુઃખદ અવસાનની તપાસ કરી રહ્યા છે અને મારી સંવેદનાઓ તેમના પરિવાર અને પ્રિયજનો સાથે છે."

ફોક્સવેલે કહ્યું, "અમારું માનવું છે કે, બુધવારે અંદાજે રાત્રે 12:30 વાગ્યે નોર્થ રોડ અને ડોર્મર્સ વેલ લેનના જંક્શન પર એક દુકાનની બહાર તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો."

તેમણે કોઈપણ માહિતી ધરાવતા લોકોને આગળ આવવા વિનંતી કરી હતી.

મે મહિનામાં...

વધારો જોવા મળ્યો હતો. ગુજરાતના વાડીનાર રિફાઇનરી ખાતે ક્રૂડનું વોલ્યુમ એપ્રિલના સ્તર કરતા ૩૬ ટકા વધ્યું હતું, જ્યારે રાજ્યમાં આવેલા જામનગર રિફાઇનિંગ કોમ્પ્લેક્સમાં રશિયન ક્રૂડની ડિલિવરીમાં ૧૪ ટકાનો વધારો થયો હતો. CREAના જણાવ્યા અનુસાર, ચાલુ વર્ષની શરૂઆતમાં આયાત પુનઃ શરૂ કર્યા પછી સરકારી માલિકીની રિફાઇનર્સે પણ ખરીદીનો વ્યાપ વધાર્યો છે. ન્યૂ મેંગલોર અને વિશાખાપટ્ટનમ રિફાઇનરીઓ, જેમણે નવેમ્બર ૨૦૨૫ના અંતમાં રશિયન ક્રૂડની આયાત બંધ કરી દીધી હતી, તેમણે માર્ચમાં ફરીથી ખરીદી શરૂ કર્યા પછી રશિયન તેલ મેળવવાનું ચાલુ રાખ્યું છે.

ઇઝરાયેલે બૈરૂત...

કોઈ ઘાયલ થયું નહોતું કે કોઈનું મૃત્યુ થયું નહોતું. ટ્રમ્પે ઉમેર્યું હતું કે આ કરાર પશ્ચિમ એશિયામાં એક લાંબી અને સુંદર શાંતિની શરૂઆત હોઈ શકે છે એમ કહેતા તેમણે આમાં અવરોધ ઉભા નહીં કરવા સૌને વિનંતી કરી હતી.

સંધિ પ્રયાસો...

યુદ્ધવિરામ પછી ઈરાન અને ઇઝરાયેલ વચ્ચે લડાઈમાં સૌથી ગંભીર ઉછાળો આવ્યો હતો.

ઇઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના કાર્યાલયે જણાવ્યું હતું કે આ હુમલા દેશના ઉત્તરી ભાગમાં હિઝબુલ્લાહ દ્વારા કરવામાં આવેલા હુમલાના જવાબમાં હતા. સૈન્યએ આ અંગેનો એક વીડિયો પણ જાહેર કર્યો છે, જેમાં એક મોટો ધડાકો સંભળાયા બાદ વૃક્ષોની પાછળથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોઈ શકાય છે. બેરૂતમાં ઘટનાસ્થળે હાજર રહેલા એસોસિએટેડ પ્રેસ(AP)ના ફોટોગ્રાફરે જણાવ્યું કે, જે ઈમારત પર હુમલો કરવામાં આવ્યો હતો તે પાંચ માળની રહેણાંક ઈમારત હતી, જેના નીચેના ભાગમાં દુકાનો આવેલી હતી. આ હુમલામાં નીચેના બે માળને સૌથી વધુ નુકસાન થયું છે. આ ઘટનામાં જાનહાનિ અંગે હજુ સુધી કોઈ માહિતી મળી નથી. દક્ષિણ ઉપનગરોના રહેવાસીઓ, જેમાંથી ઘણા તાજેતરના અઠવાડિયામાં સાપેક્ષ શાંતિ બાદ પોતાના ઘરે પરત ફર્યા હતા, તેઓ આ વિસ્તાર છોડીને ભાગતા જોવા મળ્યા હતા.